# 19th

# ANNUAL REPORT

# ALL MEMON WELFARE CO-OPERATIVE HOUSING SOCIETY LIMITED

1-7-1989 to 30-6-1990

# ઓલ મેમણ વેલ્ફેર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ

## ૧૯મો વાર્ષિક ઓડિટ હિસાબ-કિતાબ


Published by :

**MANAGING COMMITTEE**

**All Memon Welfare Co-operative Housing Society Ltd.**



Regis ered Office

247, Sunny Plaza, 2nd Floor,

Hasrat Mohani Road, Karachi.

Phone : 217590

Phone : 217590

# All Memon Welfare Co-op. Housing Society Limited

247, Sunny Plaza 2nd Floor, Hasrat Mohani Road, New Challi, Karachi.

Ref: 786 (99) AGM-19/646/90 Karachi Dated 12th November, 1990.

## NOTICE FOR 19TH ANNUAL GENERAL BODY MEETING AND ANNUAL ELECTION FOR 1990-91

NINETEENTH (19TH) ANNUAL GENERAL BODY MEETING AND ELECTION FOR THE YEAR 1990-91 OF ALL MEMON WELFARE CO-OP. HOUSING SOCIETY LTD.. KARACHI, WILL BE HELD ON TUESDAY. THE 25TH DECEMBER, 1990 AT 10-30 A.M. AT GHAUSIA HALL, RANCHORE LANE, KARACHI.

FOLLOWING AGENDAS WILL BE TRANSACTED AT THE ANNUAL GENERAL BODY MEETING :

All Plot Holders of of the Society are requested to attend the Meeting.

AGENDA : (O-O) TILAWAT-E-QURAN.

ITEM NO. 1 To read and confirm the Minutes of the last 18th Annual General Body Meeting of the Society held on 5th Jan. 1990.

ITEM NO. 2 To approve & confirm the Annual Report of rhe activities of Managing Committee for the year 1989-90 ended on 30th June 1990.

ITEM NO. 3 To approve & Confirm the Accounts of the Society duly audited by the Chartered Accountants for the year 1989-90 ended on 30th June, 1990.

ITEM NO. 4 To appoint Auditor for the year 1990-91 and to fix their remunerations

ITEM No. 5 To elected One President and 5 (Five Committeemen for 1990-91 as per bye-laws No. 47(a) of the Society.

Retiring President Mr. Ali Mohammad Piprani and Committeemen namely: (1) Mr. Amin Jamal (2) Mr. Yousuf M. Memon (3) Mr. Yousuf Abdullah (4) Mr. Hanif Haji Tayyab (5) Mr. Noor Mohd. Hasham Motiwala.

ITEM NO. 6 Any other matter of which a Notice is given to the Committee not less than 14 days before the Annual General Body Meeting.

NOTES :

1. In case the meeting is adjourned for want of QUORUM OR because of Agendas remain un-finished, the Adjourned meeting will be held on FRIDAY, the 4th of January, 1991 at the same time and place.
2. Any members wishing to move any resolution, should submit the resolusion text duly proposed and seconded in the Society Office during office hours at least 14 days before the Annual General body Meeting.

(HAJI AMIN JAMAL)
Hon. General Secretary
For All Memon welfare Co-operative
Housing Society Limited

CamScanner

# ઓલ મેમણ વેલ્ફેર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડના પ્રમુખ જનાબ અલીમોહમદ પીપરાણીની



# તકરીર

માનનીય સભ્યો,
સજ્જનો અને બહેનો,

અસ્સલામાલેકુમ,

આજની આ ૧૯મી વાર્ષિક સભામાં આપ સૌને આવકારતા અનહદ આનંદ અનુભવું છું.

સંસ્થાની પ્રવૃતિઓનો શબ્દ ચિતાર સોસાયટીના માનદ ખંતીલા અને ખેલદીલ માનદ મંત્રી જ. હાજી મોહમદ અમીન જમાલ સાહેબે આપ સૌ સમક્ષ સુંદર રીતે રજુ કર્યો છે. માનદ મંત્રીની છણાવટ પછી મારે વધુ કહીને તમારો કીમની સમય વ્યર્થ કરવાની મને જરૂરત જણાતી નથી.

આજની આ વાર્ષિક સભા સમક્ષ મારા બચાવ ખાતર નહિ પણ સોસાયટીના હીત ખાતર મારે સાચી હકીકત રજુ ન કરી મારા અંતરઆત્માને સાથે છેતરપીંડી કરીને હું અલ્લાહનો ગુનેહગાર થવા માંગતો નથી. આજે હું તમારા સમક્ષ સત્ય કથનને વાચા ના આપી તો અલ્લાહ કયારે પણ માફ નહિજ કરે.

છેલ્લા બે વર્ષથી સોસાયટી ગોકળ ગાયની ગતીથી ચાલી રહી છે. બે વર્ષ પહેલાં પાંચ વર્ષનાં દોર સોસાયટીના ઇતિહાસમાં સોનેરી દોર હતો. સોસાયટી પ્રવૃતિઓથી ધમધમી રહી હતી. આ સોસાયટી અન્ય સોસાયટીની દોરક સમ ગણાતી હતી. સી ગ્રેડમાંથી મુકત થઇ એ ગ્રેડમાં મુકાઇ હતી.

સોસાયટીના વિકાસને રૂંધી રાખીને પ્લોટ હોલ્ડરોનો ઘણુંજ નુકસાન કર્યું છે. મોંઘવારીના ઉત્તરોત્તર દોરમા સોસાયટીના બે વર્ષ ધુળધાણી કરીને કારોબારી કમેટીએ સોસાયટીને આર્થિક માર માર્યો છે. એકંદરે પ્લોટ હોલ્ડરોને વધુ બોજા નાખીને કારોબારી કમીટીએ પોતાની ફરજ ગુમાવી દીધી છે.

કારોબારી કમીટીનું કામ સોસાયટીને આગળ વધારવાનું હોય છે મારે આ બાબત ઘણું

CamScanner

બદલે જાન્યુઆરી પાંચ ૧૯૯૦ના યોજવામાં આવેલ હતી. અને તેમાં સોસાયટીના ખંતિલા કાર્યકર જનાબ અલીમોહમદ પીપરાણી પ્રમુખ તરીકે અને મેનેજીંગ કમેટીના સભ્યો તરીકે સરવે જનાબ ઇકબાલ માંગરોલવાલા, અલી-મોહમદ માયા, અજીજ સુલેમાન, ગુલમોહમદ સુલેમાન, અલીમોહમદ પીપરાણી અને જ. રફીક નુરને વધુમતીથી ચુંટાએલા જાહેર કર્યા હતા. બાદમા જ. પીપરાણીએ મેનેજીંગ કમેટીની જગ્યા ખાલી કરતા જ. આહમદ ઉમર દીવાનને કમેટીના સભ્ય તરીકે કો–ઓપ્ટ. કરાયા હતા.

આ વર્ષે એ અમારી પુરી કોશીષ રહી કે ઓકટોબર માસમાં ચુંટણીઓ યોજવામાં આવે. પણ દેશભરમાં પ્રાંતીક તથા કવમી એસેમ્બ્લીઓની ચુંટણીઓ ઓકટોબરમાં હોવાના કારણે થઇ શકી નથી. તેનો અમને અફસોસ છે. મને પુરી ઉમેદ છે કે આવતી નવી–કમેટી આ વાતની પુરી કોશીષ કરશે કે આપણી ચુંટણીઓ પ્રણાલીકા મુજબ ઓકટોબર માસમાં યોજાતી રહે.

## ચુંટણી કમીશન

વંથલી જમાતના એક અગ્રેસર જનાબ હાજી ઉમર ઇસાની છેક ૧૯૮૪થી આપણી સોસાયટીના માનદ ઇલેકશન કમીશનર તરીકે પોતાની માનદ સેવાઓ આપી રહયા છે. જ. ઇસાનીની આ સુંદર સેવા બદલ આપ સહુ વતી હું તેમનો આભાર માનું છું.

## સભ્યોની સગવડ

સભ્યોની સગહડ માટે છેલ્લા પાંચ વર્ષ થયા. અઠવાડીયામાં બે વખત રવિવાર તથા મંગળવારના માનદ મંત્રી સાજના ૬ાા થી ૭ાા દરમ્યાન ઓફીસમાં હાજર રહેતા આવેલ છે. પણ અફસોસ સાથે જણાવવાનું કે ગયા વર્ષના આ સગવડ સદંતર બંધ કરી દેવામાં આવેલ હતી. જેને અમો પુન આ વર્ષથી ફરી શરૂ કરી દીધેલ છે. કારણ કે આપણા ઘણા સભ્યો નોકરીયાત વર્ગથી હોય પોતાની ડયુટીથી પાછા ફરતી વખતે સોસાયટીને લગતો પોતાનો કામકાજ પતાવી શકે તે માટે આ ખાસ સગવડ હવે ફરી શરૂ કરવામાં આવેલ છે. તે ઉપરાંત ઓફીસમાં એક સુચન બુક તથા શીકા-યત બુક પણ રાખવામાં આવેલ છે. જેથી સભ્યો પોતાના કિમતી સલાહ-સુચનો અને અગર કોઇ શીકાયત હોય તો તે માટે લખીને જાણ કરી શકે છે. મને ઉમેદ છે કે અમારી આ "લોક સગવડ"નો આપ જરૂર ફાયદો ઉપાડી શકશો.

## મીટીંગો

વર્ષ દરમ્યાન મેનેજીંગ કમેટીની કુલ ૧૨, મીટીંગો થઇ હતી. જેમાં સભ્યોની હાજરી એકંદરે ઠીક રહી છે.

## મસ્જીદ કમેટી

મેમણ નગર હવે આસ્તે આસ્તે એક નક્કર હકીકત બની રહયો છે.

એશીયાની આ પ્રથમ મોટી વસાહત યોજના સ્કીમ ૩૩માં મેમણ બિરાદરીની આ મોખરેની મેમણ નગર વસાહતનો રીતસરનો બાંધકામ હાથ ધરવામાં આવે તે પહેલા સહુ પ્રથમ તે વસાહત (જમીન) ઉપર અલ્લાહના મુબારક ઘર (મસ્જીદ)નું બાધકામ હાથ ધર વામાં આવે તેવી નેકનિયતથી મેનેજીંગ કમેટીએ

CS CamScanner

જ. અ. સતાર સુલેમાન ભાંગડા સાહેબના કન્વીનરપદે મેમણ નગર મસ્જીદ કમેટીની નિમણુંક કરેલ છે. અને તેમાં કમેટીના સભ્યો ઉપરાંત જનરલ બોડીમાંથી જ. હાજી ઇબ્રાહીમ નાળા તથા જનાબ અ. સતાર જીપલાણી સાહેબ જેવા કાર્યકર્તાઓનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.

મજકુર કમેટીએ પોતાની પ્રવૃતીઓનું રીતસર આરંભ કરી દીધેલ છે અને મસ્જીદ માટે જરૂરી નકશા ડીઝાઇન વિ. માટે કવમના નામાંકિત આરકીટેકટોથી સલાહ મશવેરો કરી રહયા છે. મને ઉમેદ છે કે ઇ. અ. અલ્લાહ તાઅલાના ફઝલો કરમથી અમુક સમયમાં મસ્જીદના બાંધકામ માટેનો જરૂરી એલાન કરવામાં આવશે. આ માટે અમો કવમના જાણીતા દાનવીર જ. શેઠ ઇબ્રાહીમ પાકોલા-વાલા સાહેબથી પણ સલાહ મશવેરો કરી રહયા છીએ.

મારી આ દીલી ખ્વાહીશ છે કે આપ સહુ પણ મેમણ નગરની આ પહેલી મસ્જીદની પહેલી ઇંટ રાખવામાં અમારો સાથ આપો અને ખાસ કરીને તમારા નાના નાના બાળકોના હાથે આ કામની પહેલી ઇટ રાખવાની શરૂઆત કરીએ અત્રે એ યાદ રહે કે મસ્જીદના બાંધકામ ફન્ડમાં આપણી પાસે રૂા. ૮૭ હજાર જેટલી રકમ જમા થઇ ગઇ છે.

## આંતરિક વિકાસનો ત્રીજો અને ચોથો તબકકો

આંતરિક વિકાસ કામનો પહેલો તબકકો જુલાઇ ૧૯૮૬માં પુરો થઇ જતા બીજો તબકકામાં આંતરીક ગટર લાઇન તથા મેનહોલ અને હાઉસ ટુ હાઉસ ચેમ્બર કન્વેશન ૧૯૮૮માં લગભગ પુરો થઇ ગયા બાદ ત્રીજા તબકકામાં પાણીની લાઇનોનો કામ ૧૯૮૯થી શરૂ કરવાનું કાર્યક્રમ હતું.

## પાણીની લાઇનના નકશાઓ

કરાચી વોટર એન્ડ સીવરેજ બોર્ડ તરફથી આપણી વસાહત મેમણ નગરના આંતરિક પાણીની લાઇનોના નકશાઓને તા. ૧૭-૮-૮૮ના મંજુરી પણ મળી ગયેલ હતી. અને પાણીના કનેકસન માટે તા. ૧૩-૯-૮૮ના વિધીસર અરજીઓ પણ કરી દેવામાં આવેલ હતી.

પણ અફસોસ સાથે જણાવવાનું કે ૧૯૮૯ના એક વર્ષમાં અને ૧૯૯૦ના અરધા વર્ષમાં આપણે આંતરિક વિકાસના કામને જરા પણ આગળ વધારી શકયા નથી. તેના ઘણા કારણો છે જેની ચર્ચામાં ઉતરવાથી કોઇ ફાયદો નથી. હવે એટલુંજ કહેવાનું છે કે અમારી આ શરૂથીજ કોશીષ રહી છે કે જેમ બને તેમ જલ્દી અને ઝડપી રીતે વિકાસ કાર્યને પુરો કરી લેવામાં આવે.

અલ્લાહતઆલાની મેહરબાનીથી અને આપ ભાઇની દુવાથી પાણીના કનેકશન માટેનો કામ જે છેક ૧૩-૯-૮૮થી વોટર બોર્ડમાં જેમનો તેમ પડયું હતું તેને આગળ વધારેલ છે. અને તે માટે તા, ૧૭-૧૦-૧૯૯૦ના કરાચીના મેયર જ. ફારૂક સતાર જેઓ કરાચી વોટર બોર્ડના ચેરમેન પણ છે. તેમની મુલાકાત લીધી હતી. અને તેઓએ આપણા પ્રતિનિધી મંડળને ખાત્રી આપી હતી કે જેમ બને તેમ જલ્દી પાણીનો કનકેશન મેમણ નગરને મલી

રહે તેવી તેઓ કોશીષ કરશે અને તેઓ તેજ વખતે સોડના અધિકારીઓ ઉપર જરૂરી વગ-વગ પણ લખી આપેલ હતા. તેમના આ મયાળુ સહકાર બદલ આપણે તેમના આભારી છીએ.

આપણા પ્રતિનીધીમંડળની મુલાકાત ગોઠવવામાં અમને સહાયભુત થનાર મુહાજીર રાહેતા કમેટીના ચેરમેન જ. અ. રહેમાન પીપરાણી જેઓ આપણા પ્રમુખ જ. પીપરાણીના નાના ભાઇ છે તેમનો તથા આદમજી નગરના કાઉન્સીલર જ. હારૂન વલીમોહમદનો પણ દીલી આભાર માનીએ છીએ.

## કનશલટીંગ ઇન્જીનીયર

અંતરીક વિકાસ કામના પહેલા અને બીજા તબકકા માટે કન્સલટીંગ ઇન્જીનીયર તરીકે આપણે જ. મશરૂર આલમની સેવાઓ પ્રાપ્ત થઇ હતી.

હવે ત્રીજા તબકકામાં પાણીની આંતરીક લાઇનો નાખવાનું તથા ચોથા તબકકામાં આંતરીક રસ્તાઓનું બાંધકામ હાથ ધરવા માટે એક કવલીફાઇડ ઇન્જીયનરની નિમણુંક કરવા માટે અખબારો દ્વારા અરજીઓ માંગાવામાં આવેલ છે અને અમુક અરજીઓ વિચારણા હેઠળ છે. ઉમેદ છે કે ઇ. અ. ટુંકમાંજ એક કવલીફાઇડ ઇન્જીયનીયરની નિમણુંક થઇ જતા ખોરંભે ચઢેલા વિકાસ કાર્યનો પુન રીતસર આરંભ કરી આગળ આગળ વધારી શકાશે.

## મોંઘવારી

દીનપ્રતિદીન મોંઘવારી વધતી જઇ રહી છે. જીવન જરૂરીયાતની સાથોસાથ બાંધકામ સામગ્રીઓ જેવી કે સીમેન્ટ, લોખંડ, સળીયા, લાકડુ તથા રેતી-મજુરીના ભાવોમાં બેહદ વધારો થઇ રહયો છે. તે ઉપરાંત મજદુરીના વેતનમાં અને વાહન વ્યવહાર ભાડા વિ. માં પણ વધારો થઇ રહયો છે. અને હજુ વધુ થવાનું સંભવ છે. એટલે હવે વધુ ઢીલ કરવી ડાહપણ નથી. અને અગર હવે ઢીલ કરવામાં આવશે તો તેનો બધો બોજ આપણા સભ્યો ઉપર પડશે. એટલે આપની મેનેજીંગ કમીટીને મારી પુરજોશ અપીલ છે કે આ કામને હવે ઝડપી રીતે આગળ વધારીને જેમ બને તેમ જલ્દી પુરા કરી લેવામાં આવે. અને તા.ક. નિચેના કામોનો પ્રબંધ કરવામાં આવે.

(૧) વરસાદ તથા સેલાબના પાણીને અટકાવવા માટે અગાઉ તૈયાર કરાયેલી ટુંકા તથા લાંબા ગાળાની યોજનાઓ ઉપર તા.ક. અમલ શરૂ કરવું.

(૨) મેમણ નગરના આંતરિક પાણીની લાઇનો નાખવી અને હાઉસ ટુ હાઉસ પાણીના કનેકશન આપવા.

(૩) મેમણ નગરના આંતરિક રોડનો બાંધકામ.

(૪) ગેસ તથા વિજળીની લાઇનો કામ

(૫) કમર્શીયલ પ્લોટોનું સભ્યો દરમ્યાન લીલામ દ્વારા નિકાલ.

## ટ્રાન્સફર

તા. ૨-૧૦-૧૯૮૭થી પાકા એલોટમેન્ટ ઓર્ડર આપવાનું શરૂ કરવામાં આવેલ તે પછી તા. ૧-૧-૮૮થી ટ્રાન્સફર ખુલ્લો મુકવામાં



CamScanner

આવેલ છે અને આ એહવાલવાળા વર્ષ દરમ્યાન જેટલા પણ ટ્રાંસફરના કેસો આવેલ તેમનો નીકાલ કરી દેવામાં આવેલ છે. અત્યારે કોઇ કેસ પેન્ડીંગમાં નથી.

કબજો

અમારી આ શરૂઆતથી એ કોશીષ રહી છે કે પ્લોટ હોલ્ડરોના અમાનતરૂપ પ્લોટોના કબજાઓ જેમ બને તેમ વ્હેલી તકે તેમને આપી દેવામા આવે અને તે માટે અમો ૧૯૮૩થી ઓફીસ સંભાળેલ ત્યારથી તે દીશામાં કામ શરૂ કરી દીધું હતું અને ક્રમવાર ૧૯૮૫ માં બેલેટીંગ ધ્વારા પ્લોટના નંબરો એલોટ કરવામં આવેલ તેજ વર્ષમાં શેર સરટીફીકેટ ત્યા ૧૯૮૬માં પાસ બુકો ત્યા ૧૯૮૭માં એલોટમેન્ટ ઓર્ડર અપાયા. અમારા અગાઉના કાર્યક્રમ મુજબ ૨૬, ઓગસ્ટ ૧૯૮૮ના કબજાઓ, આપવાનું હતું. પણ ૧૭મી ઓગસ્ટના તે વખતના રાષ્ટ્ર પ્રમુખ જનરલ ઝીયાઉલ હકની ત્યા તે પછી આપણી સોસાયટીના સ્થાપક સભ્ય જ. હારૂન મારફાણીના દુ:ખદ ઇન્તેકાલના કારણે ૧૯૮૮માં આ ફરજ પુરી કરી શકયા નહીં અને તે પછી ૧૯૮૯નો પુરો વર્ષ તે વખતથી મેનેજીંગ કમેટીએ શા માટે વેડફી દીધો તે અલ્લાહ બેહતર જાણે છે. મારી નિમણુંક ઓગસ્ટ ૧૯૯૦ના થઇ અને અમારી વર્તમાન કમેટીએ પણ એ મેહસુસ કરેલ કે હવે કબજાઓ આપવામાં વધુ ઢીલ કરવામાં આવશે તો શાયદ સોસાયટીની જમીન ઉપર ખુદાના ખાસ્તા કોઇ ગેરકાનુની કે બળજબરી કબજો થઇ ગયો તો આ બહુજ મોટી કરૂણના હશે. એટલે અમારી મેનેજીંગ કમેટીએ તા. ૪–૧૧–૯૦ના એક ઠરાવ દ્વારા નકકી કરેલ છે કે કબજાઓ જલ્દી આપી દેવામાં આશે અને ૨૫–૧૨–૯૦ ની ચુંટણીઓ પછી આ કામ ઉપર તા.ક. અમલ કરવામાં આવે.

મને ઉમેદ છે કે આપ સહુને આ વિષે તા. ૧૨–૧૧–૯૦નો સરકયુલરમાં પ્રમુખ તરફથી મોકલવામાં આવેલ એક અગત્યની જાહેરાત મલી હશે. અને આપ સહુ તેનો જવાબ પણ લખી મોકલાવી આપશો જેથી આજની વાર્ષિક ચુંટણીઓ પછી આ કામને તરતજ હાથ ધરી શકાય.

સંસ્થાની નાણાકિય સ્થિતી

અલ્લાહતાઆલાના ફઝલો કરમથી અને આપ ભાઇઓના સહકારથી સોસાયટીની નાણાકિય સ્થિતી દીનપ્રતિદીન સુધરતી જઇ રહી છે.

૧૯૮૩ જુલાઇ માસમાં આપણી નવી ચુંટાએલી મેનેજીંગ કમેટીએ ચાર્જ સંભાળ્યું ત્યારે પગાર આપવા માટે પણ પૈસા નહતા. આપસમાં ઉધાર ઉછીના લઇને પગાર આપ્યો હતો જયારે કે આજે આટલો પ્રગતિદાયક કામ થઇ રહયું છે તેમ છતા ફીકસ ડીપોઝીટમાં ૧૯૮૩–૮૪ના અંતે નવ લાખ, ૮૪–૮૫માં ૧૨ લાખ, ૮૫–૮૬મા ૧૫ લાખ, ૮૬–૮૭માં ૨૭ લાખ ૮૭–૮૮મા ૪૦ લાખ ૮૮-૮૯માં ૪૩ લાખ ત્યા આ વર્ષ ૧૯૮૯-૯૦ ૩૦ જુનના અંતે ૪૯, લાખ યાને લગભગ અડધા કરોડ સુધી પહોંચી ગઇ છે જે સંસ્થાની સધ્ધર નાણકિય સ્થિતીનો ચીતાર છે.

સંસ્થાની નાણાકિય હાલતને ઉતરોતર

સધ્ધરતા પર લાવવા માટે મેનેજીંગ કમેટીના તમામ સભ્યો જે સલાહ-સુચનો અને કોશીષો કરતા આવેલ છે તેની હું કદરની સાથે નોંધ લઉં છું.

રીપોર્ટવાલા વર્ષ દરમ્યાન કુલ નેટ આવક રૂા. ૬,૨૭,૨૦૧ થઇ હતી જ્યારે કે પાછલા વર્ષ નેટ આવક ૩૬૬૮૦૭ની રહી હતી.

ડેવલોપમેન્ટ કમિટી

મને આ જણાવતાં અત્યત ખુશી થાય છે કે સોસાયટીના ઉપ પ્રમુખ મો. ઇકબાલ ઇસમાઇલ માંગરોલવાલાના કન્વેનરપદે રચાએલ ડેવલોપમેન્ટ કમેટી છેલ્લા પાંચ વર્ષથી પોતાનું કામ બહુજ ખંતપુર્વક કરતી આવેલ છે. પણ રીપોર્ટવાલા વર્ષ દરમ્યાન જ. માંગરોલવાલા સાહેબએ મજકુર કમેટીની જવાબદારી સંભાળેલ નથી. તેમ છતાં ડેવલોપમેન્ટના કામ માટે તેમનો ભરપુર સાથ અને સહકાર મલતો રહયો છે. મારી આપ સહુ તરફથી જ. માંગરોલવાલાને વિનંતી છે કે તેઓ આ વર્ષ પુન જવાબદારી સંભાળે અને જેમ બને તેમ વ્હેલી તકે મેમણ નગરને હકીકતમાં મેમણ બિરાદારીની સમુહ વસાહત બનાવવાના કામમાં પોતાનો ફાળો આપે. જેથી આવનારી પેઢી તેમની કવમી સેવાને લાંબા વખત સુધી યાદ કરતી રહે.

આભાર દર્શન

અંતમાં હું સઉ સાથે હમેશા સાથ સરહાર આપનાર કોમી અગ્રેસરોએ ખાસ કરીને અલહાજ ઝકરીયા કામદાર, મેમણ ફેડરેશનના પ્રમુખ જ. હાજી હનીફ તૈયબ, યુનાઇટેડ મેમણ જમાતના પ્રમુખ જ. જસ્ટીસ અ. હફીઝ મેમણ ફેડરેશન ઓફ મેમણ હાઉસીંગ સોસાયટીના જનરલ સેક્ટરી જ. મો. સીદીક પોલાણી, જ. હાજી ઇબ્રાહીમ પાકોલાવાલા, અને જ. યાહયા ગોડીલ, જેઓ વખતો વખત પોતાનો કીમતી સમય આપીને સંસ્થાને પોતાના અમુલ્ય સલાહ સુચનો અને માર્ગદર્શન આપતા રહયા છે.

રીપોર્ટમાં અગર હું મોહતરમા ઇશરત હનીફ મોતીવાલા જ. મો. ઇકબાલ ઇસમાઇલ માંગરોલવાલા તથા જ. અલીમોહમદ પીપરાનીના નામનો ઉલ્લેખ ન કરૂં તો આ રીપોર્ટ અધુરો લેખાશે. ઉપરોકત ત્રણ જણ અનુક્રમે પ્રમુખ, ઉપ પ્રમુખ અને માનદ મંત્રી તરીકે ૧૯૮૩-૮૪ થી છેક ૧૯૮૯-૯૦ સુધી સતત ૬ વર્ષ સુધી એકધારી સુંદર અને સરસ સેવા બજાવેલ છે. અને તેમના સમયમાં સોસાયટીએ જે પ્રગતી કરી છે તે ખરેખર દાદને પાત્ર છે. હું આ તકે આપ સહુ વતી મોહતરમા ઇશરત હનીફ મોતીવાલા સાહેબાનો, જ. મો. ઇકબાલ માંગરોલવાલાનો તથા જ. અલીમોહમદ પીપરાણીનો ખાસ આભાર માનું છું. તે ઉપરાંત કારોબારી કમેટીના તમામ સભ્યો જેમાં ખાસ કરીને જ. આહમદ ઉમર દીવાનનો જેઓએ મારા "અગુરી" પરીચય (ઓગસ્ટથી ડીસેમ્બર ૧૯૯૦) દરમ્યાન મને સાથ આપેલ અને અલ્લાહની મેહરબાનીથી હું મારી ફરજ બજાવી શકેલ.

CS CamScanner

તે ઉપરાંત રજીસ્ટ્રાર ઓફીસના અધિકારીઓનો તથા માનદ ઇલેકશન કમીશનર જ. ઉમર ઇસાની સાહેબનો આભાર માનું છું.

આ ઉપરાંત સંસ્થાના સમાચારો પોતાના અખબારોમાં પ્રગટ કરવા બદલ ટોન ગુજરાતી મિલ્લત, વતન, મેમણ બુલેટીન, મેમણ આલમ, અને મેમણ ન્યુઝના તંત્રી સાહેબનો તેમના માયાળુ સહકાર બદલ આભાર માનુ છું.

એ સિવાય આપણુ કાનુની સલાહકાર જ. અ. લતીફ, અ, શકુર, જ. આરીફ બિલાલ, તથા મીટીંગો માટે ગોસીયા હોલ બદલ જ. ગુલમોહમદ ઉરૂસવાલાનો તેમના ઓફીસ સ્ટાફનો અને બીજાઓનો જેમના નામોનો અત્રે ઉલ્લેખ નથી બધાનો ખરા અંતઃપુર્વક આભાર માનું છું.

મેમણ નગરના બન્ને સેકટરમાં એક એક મસ્જીદનું બાંધકામ પણ ઇ. અ. ટુંકમાંજ શરૂ કરવામાં આવશે. કોમના સખીવતુદ ગૃહસ્થો અને સોસાયટીના તમામ પ્લોટ હોલ્ડરોને વિનંતી કરૂં છું કે આ નેક કામમાં આપ સોસાયટીની પુરી મદદ કરશો. મસ્જીદ ફન્ડમાં દરેક જણ પોતાનો ફાળો નોંધાવી શકે છે.

અંતમાં રીપોર્ટ શાંતિથી સાંભળવા બદલ અને મને અવારનવાર સહકાર આપવા બદલ આપ તમામ હાજરીજનો અને સભ્યોનો દીલી આભાર માનું છું.

ખુદાવંદ કરીમ આપણે સૌને નેકનીયત, ઇમાનદારી અને સંપથી કોમની ખીદમત કરવાની તૌફીક અતા ફરમાવે.

વમા તૌફીક ઇલ્લા બિલા

—આમીન

# ALL MEMON WELFARE CO-OP. HOUSING SOCIETY LTD.

## Members of the Managing Committee for the Year 1989-90

### 1st July 89 to 5th January 90

| | | | |
|---|---|---|---|
| 1 | Mst. | Ishrat Hanif Motiwalla | President |
| 2 | Mr. | Iqbal Ismail Mangrolwalla | Vice President |
| 3 | Mr. | Hanif Haji Ayub | Hon. Gen. Sec. (up to 5-1-90) |
| 4 | Mr. | Ali Mohammed Piprani | Committeeman |
| 5 | Mr. | Abdul Gani Chhapra | ,, |
| 6 | Mr. | M. Yousuf Memon | ,, |
| 7 | Mr. | Amin Jamal | ,, |
| 8 | Mr. | Abdul Sattar Bhangda | ,, |
| 9 | Mr. | Ghulam Husain Habib | ,, |
| 10 | Mr. | Abdul Razzak Haji Mohammed | ,, |
| 11 | Mr. | Hanif Haji Tayyab | ,, |
| 12 | Mr. | Younus Ibrahim | ,, |
| 13 | Mr. | Ali Mohammed Maya | ,, |
| 14 | Mr. | Abdul Aziz Suleman | ,, |
| 15 | Mr. | Noor Mohammed Hasham Motiwalla | ,, |
| 16 | Mr. | Yousuf Abdullah | ,, |

### 5th Jan. 1990 to 30th June 1990

| | | | |
|---|---|---|---|
| 1 | Mr. | Ali Mohammed Piprani | President |
| 2 | Mr. | Iqbal Ismail Mangrolwala | Acting Hon. Gen. Secretary (14-3-90 to 30-6-90) |
| 3 | Mr. | Amin Jamal | Hon. Gen. Sec. from Aug. 90 |
| 4 | Mr. | Ali Mohammed Maya | Committeeman |
| 5 | Mr. | Abdul Gani Chhapra | ,, |
| 6 | Mr. | M. Yousuf Memon | ,, |
| 7 | Mr. | Hanif Haji Tayyab | ,, |
| 8 | Mr. | Abdul Sattar Suleman Bhangda | ,, |
| 9 | Mr. | Abdul Razzak Haji Mohammed | ,, |
| 10 | Mr. | M. Yousuf Abdullah | ,, |
| 11 | Mr. | Ghulam Hussain Habib | ,, |
| 12 | Mr. | Abdul Aziz Suleman | ,, |
| 13 | Mr. | Noor Mohammed Hasham Motiwalla | ,, |
| 14 | Mr. | Gul Mohammed | ,, |
| 15 | Mr. | Rafiq Noor | ,, |
| 16 | Mr. | Ahmad Umer Diwan from 23-5-90 (Copt.) | ,, |

CamScanner